ફરીયાદી:- શક્તિસિંહ એચ. ગોહિલ,
રે. પ્લોટ નં-૩૨, સેક્ટર-૧૯,
ગાંધીનગર – ૩૮૨૦૧૯

પ્રતિ,
પોલીસ ઇન્સ્પેકટરશ્રી,
સેક્ટર-૨૦, પોલીસ સ્ટેશન,
ગાંધીનગર,
અથવા
ઇન્ચાર્જ (P.S.O.),
સેક્ટર-૨૦, પોલીસ સ્ટેશન,
ગાંધીનગર.

**વિષય**:- અમારી ફરિયાદ દાખલ થવા અને FIR ની નકલ અમને આપવા બાબત.
**ફરીયાદી**:- શક્તિસિંહ એચ. ગોહિલ,
રે. પ્લોટ નં-૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર – ૩૮૨૦૧૯
**તહોમતદારો**:- (૧) ટી. રાજાસિંગ દંડક (વ્હીપ) ભારતીય જનતા પાર્ટી (BJP), તેલંગાણા, રે. R/O H.No. 13-1-481, Kali Mandir, Dilawar Gunj, Upper Dhoolpet, Hyderabad, 500006

(૨) અમીતભાઈ શાહ, રાષ્ટ્રીય પ્રમુખ ભારતિય જનતા પાર્ટી, રે. ૧૬, રોયલ ક્રેસન્ટ બંગલોઝ, જલસા પાર્ટી પ્લોટ ની બાજુમાં, થલતેજ, અમદાવાદ તથા તપાસ દરમ્યાન ગુન્હામાં સંડોવાયેલ જે કોઈ મળી આવે તે.

**ગુન્હાનો પ્રકાર** :- The Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities) Amendment Act, ઇન્ડીયન પીનલ કોર્ડ તથા રાષ્ટ્રદ્રોહના ગુન્હા નીચે શિક્ષા પાત્ર ગુન્હો.

ફરિયાદની તારીખ ૦૨/૦૮/૨૦૧૬

ગુન્હો થયાની તારીખ ૩૦/૦૭/૨૦૧૬ સાંજના ૧૭:૦૭ થી સતત ગુન્હાહિત કૃત્ય સોશીયલ મીડિયા ઉપર શરૂ.

હું શક્તિસિંહ એચ ગોહિલ રે. પ્લોટ નંબર-૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર નીચે મુજબના ગુન્હાની ફરિયાદ આપુ છું કે, આરોપી નંબર ૧ ટી.રાજા કે જેઓ તેલંગાણા રાજ્યમાં ભારતિય જનતા પાર્ટીના દંડક (વ્હીપ) છે. પક્ષના દંડક તરીકે તેઓ આરોપી નંબર -૨ ના પક્ષ પ્રમુખ

તરીકે અપાયેલ આદેશોનું વહન દંડક તરીકેના તેમના હોદ્દાની રૂએ કરે છે. આરોપી નંબર-૧ ના આદેશનું પાલન નહીં કરનારની સામે શિક્ષાત્મક પગલા ભરવાનો અધિકાર દંડક તરીકે આરોપી નંબર-૨ ના સંગઠનમાં પોતે ભોગવે છે. આરોપી નંબર-૧ એ આરોપી નંબર-૨ ના પક્ષના દંડક છે તે માટેના જરૂરી પુરાવા તરીકે આ સાથે આરોપી નંબર-૧ ના ઓફિશ્યલ ફેઈસબુક પેઈઝની નકલ તથા આરોપી નંબર-૧ ની વેબસાઈટ ની નકલ અમારી આ ફરિયાદ સાથે સામેલ છે

તાજેતરમાં ગુજરાતના ઉના તાલુકામાં દલિત યુવાનો ઉપર થયેલ અત્યાચાર કમનસીબી અને ધ્રુણા ઉપજાવનાર હતો. દરેક સમાજ, ધર્મ અને જાતિના લોકોનું માથુ શરમથી ઝુકી જાય તેવો હતો. આ બનાવની હકીકત સરકારી તપાસમાં પણ સ્પષ્ટ બની ચુકી છે કે જે દલિત યુવાનો ઉપર અત્યાચાર થયો તે યુવાનો પારિવારિક રીતે મૃત પશુઓના શબનો નિકાલ કરતા હતા. આમ જોઈએ તો આ એક સમાજ સેવા ગણાય કારણ કે મૃત પશુઓના શબના નિકાલના કારણે પર્યાવરણની રક્ષા થાય છે અને લોકોનું આરોગ્ય જળવાય છે. આમ પણ કોઈ દલિત ક્યારે પણ જીવતી ગાયને કાપતો નથી તે હકીકત છે. તેમ છતાં આરોપી નંબર -૧ ના એ એક વિડીયો પોતાના ઓફિશ્યલ ફેઈસબુક પેઇઝ ઉ[પર તા. ૩૦/૦૭/૨૦૧૬ના રોજ સાંજે ૧૭:૦૭ કલાકે પોસ્ટ કર્યો અને જણાવ્યું કે ઉનાના દલિતો જીવતી ગાયને કાપતા હતા અને ગાયનું માંસ લઈને જતા હતા. દલિતો માટે ગલીચ જેવી ગાળો પણ વાપરવામાં આવી છે. એટલું જ નહી જે તહોમતદારોએ ઉનામાં દલિતો ને માર્યા હતા તેમનું સમર્થન કર્યું છે. આ ઉપરાંત ધમકી પણ આપી છે આ સમગ્ર વિડીયોના રીલેવન્ટ વાક્યોનું અક્ષર સહ નિરૂપણ (ટ્રાન્સસ્ક્રિપ્ટ) નીચે મુજબ છે.

**भारत माता की जय । जय श्री राम । जय गौ माता ।**

**भाईओ, आजकल सभी मीडीया चैनलो में एक बहुत ही गंदी न्युझ चल रही है कि, दलितों को पीटा जा रहा है, गौ रक्षा के नाम पर । जो सेक्युलर है, जो वोट के भिखारी है, मैं उन लोगों से और खास करके मायावती से ये पूछना चाहता हूँ, क्यों दलितों का नाम खराब किया जा रहा है ?**

**मैं उन दलितों को ये कहना चाहूँगा कि, क्या गौहत्या करना जरूरी है ? गौमांस खाना जरूरी है ? ये बहोत गलत है, क्यूँकि तुम जैसे गलीज दलितों की वजह से**

**और जिसने भी जो गाय काटने के लिए जो भी दलित जो गाय को या गाय के मांस को जो ले जा रहा था, जो उसकी पिटाई हुई है, वो बहोत ही अच्छी हुई है, उसका मैं समर्थन करता हूँ । उन सभी लोगों का समर्थन करता हूँ जिन्होंने अपने बल पर उनको अच्छे से अच्छा सबक सिखाया है**

**अगर गौहत्या करेगा, आनेवाले समय में उसको हम इसी तरह से सबक सिखायेंगे ये तुम लोग याद रख लो । और जितने भी गौरक्षक है मैं उन सबसे ये निवेदन करना चाहता हूँ कि, डरिये मत, धर्मकार्य, देशकार्य, गौकार्य में इस तरह की थोडी-थोडी कठिनाई आती ही रहती है । हमें हर कठिनाईयों को पार करते हुऐ हमारी गौमाता को राष्ट्रमाता का दर्जा न दिला दे तब तक हमें खामोश बैठना नहीं है, हमें इसी तरह से गौरक्षा के प्रति कार्य करना है, तभी हम हमारी मा यानी हमारी गौमाता की हम रक्षा कर सकेंगे ।**

**जय श्री राम । जय गौमाता ।**

(પૂરે પૂરી વિડીયો આ સાથે પેનડ્રાઈવ ઉપર પુરાવા રૂપે સામેલ છે.)

આટલું જ નહીં પરતું તા. ૩૧/૦૭/૨૦૧૬ ના ANI ન્યુઝ સર્વિસને આરોપી નંબર-૧ ના એ એક ઈન્ટરવ્યૂ આપેલ હતો. જેમાં દલિત સમાજ ગાયને મારીને તેનું ચામડું શા માટે કાઢે છે? તેવો પ્રશ્ન કરીને દલિત સમાજ સામે ધ્રુણા પેદા કરવા માટેની પેરવી અને ધમકી આપેલ છે. જે વિડીયો સોશિયલ મીડિયાના માધ્યમ થી ફરે છે. આ વિડીયોના રીલેવન્ટ શબ્દોની ટ્રાન્સસ્ક્રિપ્ટ નીચે મુજબ છે.

**लेकिन मैं ये पूछना चाहूँगा कि उनको क्या जरूरत थी कि गाय को मारकर उसका चमडा निकालने की क्या उनको जरूरत थी ?**

**किसी भी समाज का कोई भी व्यक्ति हो, हम उसको बात से नहीं, हम उसको हमारे हाथ से समजायेंगे । मैं उन सभी लोगों को यह चेतावनी देना चाहता हूँ कि गौरक्षा के हित में कार्य करो, अगर जो भी गौहत्या करेगा उसका यही अंजाम होगा, और उन सारे के सारे लोगों के समर्थन में हूँ जो गौरक्षा का कार्य करते है और गौरक्षा अपने दम पर करते है मैं उन सारे के सारे लोगों के समर्थन में हूँ**

ઉનાના બનેલા બનાવ બાબત તપાસમાં અને સ્થાનિકોના નિવેદનોમાંથી સ્પષ્ટ થયું હતું કે સિંહ દ્વારા ગાયને મારી નાખવામાં આવી હતી અને ગ્રામજનોની વિનંતી થી દલિતો ગાયના શબનો નિકાલ કરતા હતા ત્યારે તેમને પકડીને તેમના ઉપર અત્યાચાર કરવામાં આવ્યો હતો આ હકીકત હોવા છતાં આરોપી નંબર-૧ ને જયારે ANI ન્યુઝના રિપોર્ટર પૂછે છે કે સિંહે ગાયને માર્યા પછી લોકો તેને જોતા હતા પછીનો બનાવ છે તે અંગે શું કહેવું છે તો આરોપી નંબર-૧ જણાવે છે કે આ ખોટી વાર્તા છે હકીકતમાં દલિતોએ ગાયને મારી હતી અને તેની ચામડી કાઢતા હતા. આ બધું ગૌરક્ષકોએ જોયું હતું. આ પ્રકારના નિવેદનની અક્ષર સહ રીલેવન્ટ ટ્રાન્સસ્ક્રિપ્ટ નીચે મુજબ છે.

**वहां पर बब्बर आकर उसको गाय को मार दिया गया था, बाद में ये लोग वहाँ पर बैठ के देख रहे थे, सिर्फ वो लोग ऐसे आरोपन करते है इसके उपर आपका क्या कहना है ?**

**ये सिर्फ एक क्रिएट करके इस तरह के वो लोग बयान देते है । बब्बर आता है, गाय के उपर हमला करता है, उसको मार देता है, उसके बाद में हम उसकी चमडी निकाल रहे थे, यह सभी कहानी है । उन्होंने गाय को मारकर उसकी चमडी निकाली थी और सारे के सारे गौरक्षकों की निगाहों में ये आया था, इसीलिए उन्होंने इसी प्रकार का काम किया ।**

**लेकिन आज जो गाय की जो उनकी जो चमडी निकाले है, क्या ऊना पोलीस स्टेशन में उनके उपर कोई एफ.आई.आर. हुआ, नहीं हुआ । सिर्फ एफ.आई.आर. किसके उपर हुआ ? जो गौरक्षा के नाम पर उनके उपर अत्याचार करें । किसके उपर करे ? दलित के उपर करे, सिर्फ उन नौ जो गौरक्षक है उनके उपर ही एफ.आई.आर. बुक किया गया, उनको ही जेल में डाला गया । क्यों उनके उपर एफ.आई.आर. क्यों नहीं किया गया जो गाय की चमडी निकाल रहे थे ? मैं आज ये पूछना चाहता हूँ उन सभी सेक्युलरवादीओं से, आज जो उन्होंने जो कहानी बनाई है वो सारी की सारी जुठी कहानी है, मैं उन सारे गौरक्षकों के साथ हूँ जो गौरक्षा बहोत ही सक्रिय रूप से कार्य करते है ।**

ઉપરોક્ત ANI ના વિડીયોની પુરેપુરી રેકોડીંગની નકલ આ ફરિયાદ સાથે પુરાવા તરીકે પેનડ્રાઈવ ઉપર અમો રજુ કરીએ છીએ.

આરોપી નંબર-૧ ના બન્ને વિડીયો દલિત સમાજની વિરુધ્ધ સમાજમાં ધ્રુણા પેદા કરાવનારા અને બદઈરાદાના છે. દલિત ક્યારે પણ જીવતી ગાયને ન મારતા હોવા છતા આરોપી નંબર-૧ ના વિડીયો એવું સાબિત કરવા માગે છે કે દલિત ગાયને મારે છે, તેનું ચામડું કાઢે છે અને ગૌ માંસ ખાય છે. આમ દલિત સમાજ વિરુધ્ધ આવી વિડીયોથી એટ્રોસિટી એક્ટ નીચે તો ગુન્હો બને જ છે પરંતુ સમાજમાં વર્ગ વિગ્રહ પેદા કરનારો આ વિડીયો હોય જેથી રાષ્ટ્રદ્રોહનો પણ ગુન્હો બને છે. ધમકી, ખોટી રજુઆતો, ઉશ્કેરણી, હુલ્લડ ફાટે તેવો પ્રચાર વિગેરે અનેક ગુન્હા આઈપીસી. ના કાયદા નીચે પણ બને છે.

આરોપી નંબર-૨ ના એ તેમના પક્ષના દંડક અને ધારાસભ્યની આ વિડીયો સોશીયલ મીડિયા, ઇલેકટ્રોનીક મીડિયા તેમજ પ્રિન્ટ મીડિયામાં આવ્યા છતાં આરોપી નંબર-૧ ના ને પોતાના પક્ષના દંડક, ધારાસભ્ય કે સભ્ય પદેથી દુર કર્યા નથી જે દર્શાવે છે આરોપી નંબર-૨ ની સહમતી અને ઈચ્છા થી આરોપી નંબર-૧ દંડક તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા હતા. આમ ગુન્હાના માટે જવાબદાર બન્ને આરોપીઓ છે.

ધ SC અને ST (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીઝ) એમેડમેન્ટ એક્ટ ૨૦૧૫ (1 to 2016) કે તા. ૧૮/૦૧/૨૦૧૬ના ગેઝેટમાં પ્રસિધ્ધ થયો ત્યારથી અમલમાં આવેલ છે. તે મુજબ કાયદાની

કલમ ૨ ની સબસેકશન (ii) (ec) મુજબ વિકટીમની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે અને તે મુજબ લીગલ ગાર્ડિયનનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. અમો ધારાસભ્ય છીએ ઉપરાંત હાઈકોર્ટના વકીલ પણ છીએ. અમારા મતક્ષેત્રના તથા ગુજરતના દલિત વર્ગના લીગલ ગાર્ડિયન તરીકે અમારી ફરજ છે તેના ભાગ રૂપે અમો આ ફરિયાદ કરવા માટે કાયદાની જોગવાઈ મુજબ અધિકૃત છીએ.

આમ પણ ગુન્હાના ન્યાયશાસ્ત્રના સીધ્ધાંત મુજબ સરકારની ગુન્હો દાખલ કરવાની પહેલી ફરજ હતી. પરંતુ ગુન્હો બન્યાની જાણ થાય તો કોઈ પણ નાગરિક ગુન્હાની ફરિયાદ દાખલ કરાવી શકે છે. પ્રવર્તમાન કેસમાં તો એમેડમેન્ટ એક્ટ ૧ ઓફ ૨૦૧૬ થી અમે અધિકૃત છીએ.

એટ્રોસિટી એમેડમેન્ટ એક્ટ ૧ ઓફ ૨૦૧૬ કાયદાની જોગવાઈ મુજબ  કાયદાની કલમ ૪ની સબ સેક્શન ૧ માં (a) થી (g) ની જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ અમારી ફરિયાદની તાત્કાલિક FIR આપે દર્જ કરવાની અને અમને તાત્કાલિક નકલ આપવાની ફરજ છે. તે મુજબ અમારી ફરિયાદ દર્જ કરીને અમને તેની નકલ તાત્કાલિક આપશો.

અમોને ઇલેક્ટ્રોનિક મીડિયા અને સોશીયલ મીડિયાના માધ્યમથી ગુન્હાની જાણ થયા બાદ જરૂરી રિસર્ચ નેટ ઉપરનું તેમજ કાયદાનું કરીને બનતી ત્વરાએ અમોએ ફરિયાદ આપેલ છે.

અમારૂ નિવાસ્થાન આપના પોલીસ સ્ટેશનની હદમાં આવેલ છે અને ગુન્હો અમોએ ઇલેક્ટ્રોનિક મીડિયા અને સોશીયલ મીડિયાના માધ્યમથી અમારા નિવાસ્થાને જોયેલ છે તેમજ અમારા નિવાસ્થાનની આજુબાજુ એટલે કે આપના પોલીસ સ્ટેશનની હદમાં ગુન્હો જોઈ શકાય છે તેમજ તેની અસરો ઉદભવે છે માટે આપના કાયક્ષેત્રમાં ગુન્હો આવતો હોય આપે FIR દાખલ કરવાની થાય છે.



(શક્તિસિંહ ગોહિલ)